**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૩ ટકા

# શહેરમાં ટ્રાફિક નિયમોના લીરેલીરા

## સિગ્નલોની પાસે માર્ગો પર ડાબી તરફ વાહનોની કતારો લાગી રહી છે : ડાબી તરફ સિગ્નલ ઓન હોય છે ત્યાં પણ વાહનો સ્ટોપ થતાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ટ્રાફિક સમસ્યાઓ દિનપ્રતિદીન વધવા પામી છે. સિગ્નલો હોવા છતાં શહેરમાં ઠેરઠેર ટ્રાફિક જોવા મળી રહયો છે. વર્ષો પહેલા શહેરમાં શાંતિભર્યું વાતાવરણ રહેતું હતું, ન કોઈ ટ્રાફિક કે ના કોઈ ઘોંઘાટ. જયારે હવે શહેરમાં માનવ વસ્તી વધતાં વાહનોની પણ ભીડ થઈ રહી છે. સિગ્નલો મુકવાનો તંત્રનો ઉદ્દેશ સારો જ રહયો છે. ગાંધીનગરમાં ધીમેધીમે અમદાવાદ જેવો ટ્રાફિક વર્તાવા જઈ રહયો છે. તેમાય સિગ્નલો હોવા છતાં શહેરમાં કેમ ટ્રાફિક સર્જાઈ રહયો છે તે પણ વિચારવા જેવી બાબત છે. ગાંધીનગરમાં આટલા ભણેલા ગણેલા નાગરિકો હોવા છતાં ટ્રાફિકસેન્સ જેવું નથી. માર્ગો પર ડાબી બાજુ જયાં સિગ્નલ ડાબી તરફ જતા વાહનો માટે ઓન હોય છે ત્યાં વાહનો થોભાવીને ઉભા રહી જાય છે. જેમાં ડાબી બાજુ જવા માટે સિગ્નલ ઓન હોવા છતાં કોઈ વાહન આગળ વધી શકતું નથી. સીધા જવાનું સિગ્નલ બંધ હોય ત્યારે ડાબી બાજુ વળવા માટેના સિગ્નલ ઓન હોય છે. પરંતુ વાહનો આખા માર્ગમાં પથરાઈ જાય છે જેના કારણે ડાબી તરફ વળવા માટે કોઈ માર્ગ બચતો નથી. તેથી વાહનોની લાઈનો લાગે છે અને ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે. શહેરમાં ઓફીસ ટાઈમ વખતે સિગ્નલ ઓન રહે છે. પરંતુ નાગરિકોની ટ્રાફિક પ્રત્યેની સેન્સ ન હોવાના





કારણે અહીંયા ટ્રાફિક જામ થવાના દ્રશ્યો વધી રહયા છે. રીક્ષાચાલકો પણ બેદરકારીપૂર્વક ડ્રાઈવીંગ કરે છે. વાહનો ઓવર સ્પીડમાં જઈ રહયા છે. તાજેતરમાં શહેરમાં ઘણા ગંભીર અકસ્માતો નોંધાયા છે તેમ છતાં નાગરિકોમાં ટ્રાફિક અંગેની સેન્સ જોવા મળી રહી નથી. માર્ગો પર કેમેરા હોવા છતાં ટ્રાફિક નિયમોનો ભંગ થઈ રહયો છે. ચાલુ સિગ્નલો હોવા છતાં લોકો વાહન લઈને માર્ગ ક્રોસ કરી રહયા છે. ટ્રાફિકની જયાં સુધી સેન્સ નહીં આવે ત્યાં સુધી શહેરમાં અકસ્માતો અને ટ્રાફિકની સમસ્યા રોકી શકે તેમ નથી. નિયમોનું પાલન થાય તે માટે તંત્ર દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ મેમો ફટકારવામાં આવે છે તેમ છતાં લોકો ટ્રાફિક નિયમોનું ઉલ્લઘંન કરી રહયા છે અને મનફાવે તેમ વાહનો ચલાવી રહયા છે તેથી શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ વધવા પામી છે.

# રોજગાર-તાલીમ વિભાગના સિનિયર કલાર્ક આર.એચ.ચૌહાણ વયનિવૃત

### રોજગાર અને તાલીમ વિભાગ પરિવારના સૌ અધિકારી-કર્મચારીઓએ ભાવભરી વિદાય આપી

ગાંધીનગર, તા.૩૦

રોજગાર અને તાલીમ વિભાગના સિનીયર કલાર્ક આર.એચ.ચૌહાણ ૩૨ વર્ષની સુદીર્ઘ સેવા આપી આજે વયનિવૃત થયા છે. રોજગાર અને તાલીમ ખાતાના પરિવારના સૌ અધિકારી, કર્મચારીઓએ તેમને ભાવભરી વિદાય આપી હતી. નિયામક લલિત નારાયણસિંઘ સાંડુએ જણાવ્યું કે અધિકારી-કર્મચારીને વય નિવૃતિનું અપાતું વિદાયમાન સૌ કાર્યરત અધિકારી-કર્મચારી માટે એક નવી શીખ પ્રદાન કરતો પ્રસંગ છે. નિવૃત થઈ રહેલા કર્મચારીનો કોઈ સારો ગુણ પોતાનામાં કેળવવાનો આ દિવસ છે. આજે નિવૃત થઈ રહેલા આર.એચ.ચૌહાણે જે રીતે પોતાની નોકરીના સમગ્ર કાર્યકાળ દરમિયાન ઝીરો પેન્ડન્સી મંત્ર સાથે નોકરી કરી તે ગુણ સૌ કર્મચારીએ પણ આત્મસાત કરવો જરૂરી છે. આ પ્રસંગે તેમણે આર.એચ.ચૌહાણનું નિવૃત જીવન પ્રવૃતમય અને નિરોગી રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. વય નિવૃત થતાં આર.એચ.ચૌહાણને તમામ અધિકારી, કર્મચારીઓએ એમનું નિવૃત જીવન સ્વસ્થ રહે તેવી શુભેચ્છા પાઠવી તેમની સેવાઓને બિરદાવી તેમની સાથેના સંસ્મરણો તાજા કરીને તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા તેમજ પ્રામાણિકતા ભરી કામગીરીને બિરદાવી હતી. વિદાયમાન પ્રસંગે સૌ અધિકારી તથા સ્ટાફ મિત્રોએ શાલ ઓઢાડી શ્રીફળ આપી મોમેન્ટોથી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે નિયામક લલિત નારાયણસિહ સાંડુ, અધિક નિયામ વી.આર.સકસેના, નાયબ નિયામક આર.આર.પટેલ, એન.એ.પટેલ, ધ્રૃતિબેન જોષી, ટી.એન.ભાવસાર, જીજ્ઞાબેન પુરોહિત, એ.સી.પલાસ વગેરે ઉપસ્થિત રહયા હતા.



### આજે દીલ્હી પબ્લિક સ્કુલ ખાતે ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સ્થિત ડીએસપી સ્કુલમાં સીબીએસસી કલ્સ્ટર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનું આજે આયોજન કરવામાં આવ્યું છે. મન હોય તો માળવે જવાય.. ઉક્તિ સાર્થક કરવા સીબીએસસી દ્વારા દર વર્ષે કોઈને કોઈ ઈવેન્ટનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં સીબીએસસી દ્વારા વિદ્યાર્થીઓના શારીરિક વિકાસને નિખારવા સ્પોર્ટસની અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવે છે. આ રમતોમાં કલુસ્ટર ટેબલ ટેનિસ રમન પણ સામેલ છે. જેમાં નેટ વડે વિભાજીત બાઉન્સ થતાં નાના બોલને હાથવગા નાના રેકેટથી રમવામાં આવે છે. ટેબલ ટેનિસને ૧૯૮૮માં ઓલિમ્પિકમાં પણ સ્થાન મળ્યું છે. સીબીએસસી દ્વારા દર વર્ષે આયોજિત ટૂર્નામેન્ટનું આ વર્ષે દીલ્હી પબ્લિક સ્કુલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સૌ રમતપ્રેમીઓને આમંત્રણ શાળા દ્વારા પાઠવવામાં આવ્યું છે.

# શીખ સમાજનું સ્નેહમિલન યોજાયું




ગાંધીનગર, તા.૩૦

શીખ ફાઉન્ડેશન ગુજરાતના અધ્યક્ષ પરમજીત કૌર છાબડા દ્વારા અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદી સે ખાસ રીસ્તાના શિર્ષક હેઠળ વિશાળ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ અને ગાંધીનગરના તમામ શીખ સંગતના ભાઈ બહેનોએ હાજરી આપી હતી. નરેન્દ્ર મોદીએ શીખ સમાજ માટે કરેલ કાર્યોને બીરદાવ્યા હતા અને તેમને સમર્થન આપ્યું હત. આ કાર્યક્રમમાં મનજીંદરસિંહ સિરસા-માજી અધ્યક્ષ દીલ્હી શીખ ગુરુદ્વારા કમીટી, શંકર લાલવાની-ધારાસભ્ય મધ્યપ્રદેશ, જશપ્રિતસિંઘ-ચેરમેન ધર્મ પ્રચાર કમિટી, રાજકુમાર વેકરા-માજીકેબીનેટ મંત્રી-પંજાબ, બબેકસિંઘ માતા-કોઓર્ડીનેટર દીલ્હી ગુરુદ્વારા કમિટી તેમજ ગુરબિદરસિંઘ- અધ્યક્ષ પ્જાબી એકેડમી ઉત્તરપ્રદેશ હાજર રહયા હતા. આ સમસ્ત આયોજનની સફળતા અને સમસ્ત શીખ સંગત એકજુથ થઈ એક મત થાય તે વિચારધારાને તમામે સ્વીકારી અપનાવી હતી.

સમગ્ર આયોજન બદલ શીખ ફાઉન્ડેશન ગુજરાતના અધ્યક્ષ પરમજીત કૌર છાબડાનો આભાર માન્યો હતો.

# નવી થિયોસોફિકલ લોજ શરૂ કરવા માટે મિટિંગ સેક્ટર ૧૪ ખાતે યોજાઈ

ગુજરાત થિયોસોફિકલ ના ઉપક્રમે ગાંધીનગર ખાતે થિયોસોફિકલ લોજ શરૂ કરવા માટે મિટિંગ મળી હતી જેમાં શ્રી ગિરીશ નીલગીરી મંત્રી ગુજરાત ઉપસ્થિત રહ્યા હતા આ મિટિંગ ડૉ ગુલાબચંદ પટેલની અધ્યક્ષતામાં સેક્ટર ૧૪ ખાતે યોજાઈ હતી. ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા સૌ સભ્યોનું હાર્દિક શાબ્દિક સ્વાગત કર્યું હતું અને થિયોસોફિકલ વિશે પ્રાથમિક માહિતી આપી હતી મંત્રી શ્રી ગિરીશ નીલગીરી દ્વારા થિયોસોફિકલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને ગાંધીનગર ખાતે થિયોસોફિકલ લોજ શરૂ કરવા માટે સૂચન કર્યું હતું આ સંસ્થા માં કોઈ પણ વ્યક્તિ નાત જાતના ભેદ ભાવ વિના કોઈ પણ વ્યક્તિ ફોર્મ ભરી જોડાઈ શકે છે તેમ જણાવ્યું હતું આ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. આ મિટિંગમાં ડૉ ગુલાબ ચંદ પટેલને થિયોસોફિકલ લોજ ગાંધીનગરના કાર્યકારી અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ગિરીશ આર્યને મંત્રી તરીકે અને કાંતિભાઈ પટેલ ની લીગલ એડવાઈજર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

# સરસ્વતી વિદ્યાલય ખાતે જગદીશચંદ્ર બોઝની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

સે-૬માં સરસ્વતી વિદ્યાલયમા વૈજ્ઞાનિક ડો.જગદીશચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશનના આસિ.પ્રો.ડો.પારસ ઉચાત તેમજ વિક્રમસિંહ ચૌહાણે હાજરી આપી હતી. શાળાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા અને ઉપસ્થિત



મહેમાનોએ ડો.જગદીશચદ્ર બોઝ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે આભારવિધિ કરી હતી.

# આજે પ્રમુખ સ્વામી મહારાજની તિથિ પ્રમાણે ૧૦૦ મી જન્મ જયંતી

### આ શરીર સાથે બધું જ જતું રહેવાનું છે, પણ એ જ્ઞાન નથી એટલે આસક્તિ મુકાતી નથી : પ્રમુખ સ્વામી મહારાજ એક શાંત, અહંશૂન્ય, સરળ અને સાધુતાસભર આધ્યાત્મિક વ્યક્તિત્વ એટલે પ્રમુખસ્વામી મહારાજ. પળેપળ બીજા માટે જીવવું અને પોતાની પોતાની જાતને ભૂલી જઈને પરમાત્મામય રહેવું, તેનું બીજું નામ એટલે પ્રમુખસ્વામી મહારાજ

વિશ્વ કલ્યાણ માટે ભગવાન સ્વામિનારાયણ દ્વારા ઉપાડવામાં આવેલા પતાકાને મજબુતીથી સંભાળીને ઈતિહાસ રચવા વાળા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાંચમાં આદ્યાત્મિક વડા પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ચાણસદ ગામમાં ૧૯૨૧ માં થયો હતો.

૭ નવેમ્બર ૧૯૩૯ ના રોજ ગૃહ ત્યાગ કરીને અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજ પાસે પાર્ષદી દીક્ષા અને ૧૦ જાન્યુઆરી ૧૯૪૦ ના રોજ અક્ષર દેરી, ગોંડલમાં ભગવતી દીક્ષા પ્રાપ્ત કરી. તેમને ૨૩/૧/૧૯૭૧ ના રોજ સંસ્થાના વડા જાહેર કરીને પ્રમુખસ્વામી મહારાજ નામ આપવામાં આવ્યું. તેમનું કહેવું હતું કે વિજ્ઞાનનો વિકાસ થવાથી માણસ સુખી નથી. તેને શાંતિ નથી મળતી, કેમ કે ભૌતિકવાદ વધી રહ્યો છે. ભૌતિક સુખ માટે અંદરોઅંદરના ઝગડા અને અશાંતિ ઉભી થાય છે. આપણા આંતરિક દોષ, એક બીજા પ્રત્યે અહમ અને રાગ દ્વેષને કારણે સમાજમાં ખરાબ કાર્ય પણ થાય છેદુનિયાનો બાહ્ય વિકાસ થયો પણ આંતરિક વિકાસ માટે સંતોનું અનુસરણ અને બધા માટે કલ્યાણની ભાવના રાખવી જ આપણો ધર્મ છે. આપણું જીવન નિર્વ્યસની અને સદાચારી હોવુ જોઈએ.ભેદભાવોથી પર આ વાત્સલ્યમૂર્તિ સંતે બાળકો-યુવાનો અને વૃદ્ધો, સાક્ષરો અને નિરક્ષરો, દલિતો-આદિવાસીઓ કે દેશ-વિદેશના ધુરંધરો સૌ કોઈને સમતાથી ચાહ્યા છે. આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક-સામાજિક સંસ્થા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થ અને નિઃસ્વાર્થ પ્રેમ દ્વારા એક વિરાટ ચારિત્ર્યવાન યુવાસમાજ તૈયાર કર્યો છે અને તેને રચનાત્મક માર્ગે વાળ્યો છે. સ્વામીશ્રીની વિનમ્ર અને પરગજુ પ્રતિભાથી પ્રભાવિત થઈને વિશ્વના અનેક ધર્મગુરુઓ અને આંતરરાષ્ટ્રીય ધુરંધરોએ તેમને એક મહાન સંતવિભૂતિ તરીકે હૃદયથી બિરદાવ્યા છે. અનેક મુમુક્ષુઓએ તેમના સાંનિધ્યમાં પરમાત્માની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ આધ્યાત્મિક શિખર પ્રાપ્ત કર્યું છે અને અનેક કરી રહ્યા છે.

'બીજાના ભલામાં આપણું જ ભલું છે !' – આ આ જીવનસૂત્ર સાથે અનેકવિધ સામાજિક સેવાકાર્યમાં સમગ્ર જીવન સમર્પિત કરીને તેઓ અસંખ્ય લોકોના તારણહાર બન્યા. લોકસેવા માટે જીવનભર પરિવ્રાજક રહીને તેઓ અવિરત ૧૭,૦૦૦થી વધુ ગામડાંઓ-નગરોમાં ઘૂમતા રહ્યા. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો અને લોકસેવાનાં ધામ સ્થાપ્યાં.

લાખો લોકોને આદ્યાત્મ પથ બતાવવા વાળા પ્રમુખસ્વામી મહારાજ એક વિરલ સંત વિભૂતિ છે. વિશ્વ આખામાં ૧૨૦૦ થી વધુ મંદિરો અને વિરાટ સાંસ્કૃતિક પરિસરોનું સર્જન તેમના દિવ્ય જીવનની મૂર્તિમંત સાબિતી છેતેમની પરમ કારુંણીક અધ્યાત્મ બ્રાહ્મી સ્થિતિને કારણે લાખો લોકોએ તેમને હૃદયથી માન્યા. વિશ્વના અનેક શહેરોમાં અક્ષરધામની ભેંટ આપવા વાળા પ્રમુખસ્વામી મહારાજે સારંગપુરમાં ૧૩ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ અંતિમ શ્વાસ લીધા.



# જન્મદિને વધામણી



રમજુભા એમ. જાડેજા
મેનેજીંગ ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજ-ગાંધીનગર
મો. ૯૯૨૫૨ ૧૦૭૦૫



આર.આર. સોરઠિયા
મો. ૯૯૦૪૩ ૫૪૪૮૦



રોશનબેન યુસુફભાઈ પરમાર



હેતાંશી આર મકવાણા
મો. ૯૦૧૬૧ ૯૮૮૮૭



જયસુખભાઈ પટેલ



વીર પી.જોષી

# જે.બી.પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અંબોડની શૈક્ષણિક મુલાકાત



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૮ના વિદ્યાર્થીઓને અંબોડ મીની પાવાગઢની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૮ના તમામ વર્ગોના કુલ ૩૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જયાં બાળકોને ત્યાંના સ્થાનિકો દ્વારા કાલિકા માતાજીના મંદિરના ઈતિહાસ વિશે સચોટ માહિતી મેળવી હતી અને વિદ્યાર્થીઓએ એકદિવસીય મુલાકાતનો આનંદ લીધો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ.ઉપાધ્યાય યોગેશ શાંતિલાલ ઉ.વ.૬૯, સેકટર-૨૦
- સ્વ.સુથાર અલકાબેન ઘનશ્યામભાઈ ઉ.વ.૫૦, વા.ચૌધરી દહેગામ
- સ્વ.દવે સુરેશભાઈ બળદેવભાઈ ઉ.વ.૮૪, સેકટર-૮

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.રાઠોડ અરવિંદકુમાર શંકરલાલ ઉ.વ.૬૨, વાવોલ